PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4535-9 તારીખ : 5/7/19

રજી. એડી. પત્ર

પ્રતિ,

અઘેરા પરસોત્તમ જસમતભાઈ

C/O,અઘેરા મનસુખભાઈ પરસોત્તમભાઈ, હોસ્પિટલ પાસે, ,

મું. પો. : અજબ , તા. : કેશોદ, જી. : જુનાગઢ- ૩૬૨૨૨૯,

મોબાઈલ : ૯૭૨૫૬ ૬૧૯૫૨

વિષય : પોલ શીફટીંગ ના ભાવપત્રક ની રકમ સ્વીકારવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૨-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૭/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રીના દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગાજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કેશોદ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કેશોદ ગ્રામ્ય-૧.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૧/૨૦૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૭/ક્વા-૧/૨૦૧૯-૨૦

અરજદાર: અધેરા પરસોત્તમ જસમતભાઈ ગામ: અજાબ
રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – કેશોદ
રજૂઆત કરનાર: આર. જી. ગોવાણી કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી – કેશોદ

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૮-૦૬-૨૦૧૯ ( શુકવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૮-૦૬-૨૦૧૯ ( શુકવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **અધેરા પરસોત્તમ જસમતભાઈ**, ગામ:અજબ તેઓની અરજી ના નોંધણી નંબર :૨૭/ક્વા-૧/૨૦૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ અજાબ ગામે ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે, જે વીજજોડાણ શીફટીંગ ની અરજી તા.૧૨–૧૧–૧૮ અન્વયે ભાવપત્રક તા.૨૦–૧૨–૧૮ ના રોજ રૂ.૧૯,૭૧૯/– નુ અપાયેલ છે. જે, અગવડતાના કારણોસર ભરપાઈ કરી શકેલ નથી. ત્યારબાદ, ફરીથી અરજી કરતા તા.૧૫–૦૩–૧૯ થી ભાવપત્રક અપાયેલ હતુ. જે છેલ્લી તારીખે ભરપાઈ કરવા જતા – અન્ય કોઈ ઈસમે વાંધા અરજી આપતા સ્વીકારેલ નહી. જેથી, ભાવપત્રક ભરપાઈ કરાયેલ નથી. જે અનુસંધાને તા.૧૫–૦૪–૧૯ થી ભાવપત્રક ભરપાઈ ભરવાની સમયમર્યાદા માટે ની અરજી આપેલ.

૨.૧ જુના પોલ તેમજ જર્જરીત વીજ વાયરની પીજીવીસીએલ દ્વારા જરૂરી કામગીરી કરેલ – પરંતુ, નવા ઉભા કરાયેલ પોલ – રસ્તામા વાહન ને અડચણરૂપ હોય, અકસ્માત નો ભય રહેતો હોય – સદર કારણોસર ભાવપત્રક ની રકમ બાકી છે, જે ભરપાઈ કરવા સહમતી દર્શાવેલ, હાલ – સદર વીજસમારકામ પૂર્ણ થયેલ હોય – સલામતી અનુભવે છે. પરંતુ, ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ સ્વીકારતા ન હોય – ખેદ અનુભવે છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે- પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- તા.૦૨.૦૫.૨૦૧૯ ની કન્વીનર શ્રી ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર -રાજકોટ ને ઉદેશીને કરાયેલ ફરિયાદ ના અનુસાર આપે કેશોદ તાલુકાના મોજે -અજાબ ગામના આપના ખેતીવાડી વીજ જોડાણની લાઈન શીફ્ટીંગના ભાવપત્રકની રકમ સ્વીકારવા બાબતે ફરિયાદ કરેલ છે.

૩.૧ ઉપરોક્ત ફરિયાદના અનુસંધાને જણાવવાનું કે અરજદાર દ્વારા ખેતીવાડી વીજ જોડાણની લાઈન શીફટીગ માટે તા..૧૨.૧૧.૨૦૧૮ના રોજ અરજી કરેલ હતી જે અરજીના અનુસંધાને કેશોદ ગ્રામ્ય-૧ કચેરી દ્વારા તા.૨૦.૧૨.૧૮ના રોજ રૂ.૧૯૭૧૯=૦૦નું ભાવપત્રક આપવામાં આવેલ પરંતુ સદર ભાવપત્રક અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ ન હતું જેથી શીફ્ટીંગની કામગીરી કરવામાં આવેલ નથી.

૩.૨ ત્યારબાદ અજાબ ગામના શ્રીમતી મુક્તાબેન મુળજીભાઈ ભીમાણી તથા ગોપાલ ગોવિંદ વડારીયા દ્વારા તા.૦૪.૦૩.૧૯ના રોજ કોર્પોરેટ ઓફીસ રાજકોટને સદર અરજદાર દ્વારા ગેરકાયદેસર રીતે લાઈનમાં ફેરફાર (શીફ્ટીંગ) કરેલ છે તેવી ફરિયાદ તા.૧૮.૦૩.૧૯ના રોજ મળતા કેશોદ ગ્રામ્ય-૧ ના નાયબ ઈજનેર દ્વારા તા ૨૨.૦૩.૧૯ના રોજ સ્થળ રોજકામ તથા ફરિયાદીશ્રીઓ ના પ્રતીનિધીઓના સદર ગેરકાયદેસર લાઈન શીફટીંગ બાબતે નિવેદનો લેવામાં આવેલ તથા ફોટોગ્રાફ પણ લેવામાં આવેલ તેમજ કેશોદ ગ્રામ્ય-૧ન નાયબ ઈજનેર દ્વારા પત્ર નં.૧૩૮૩ ત.૨૬.૦૩.૧૯થી કેશોદ પોલીસ સ્ટેશનમાં આ ગેરકાયદેસર લાઈન શીફટીંગની ફરિયાદ પણ આપેલ છે. તેમજ આ બાબતે કેશોદ વિભાગીય કચેરી દ્વારા તા.૨૯.૦૪.૧૯ ના રોજ વધુ તપાસ કરતા ફરિયાદીઓના પ્રતીનીધીઓના નિવેદનો તથા તમારા નિવેદનો પણ લેવામાં આવેલ અને કેશોદ પીજીવીસીએલના અધિકારીઓ સમક્ષ આપના દ્વારા આપેલા નિવેદન મુજબ તા.૧૮.૦૨.૧૯ના રોજ શ્રી મનસુખભાઈ કોન્ટ્રાકટર મારફત રૂ.૧૨૫૦૦=૦૦ આપીને સદર લાઈનના ત્રણ થાંભલા ફેરવેલ છે .આમ અરજદાર દ્વારા સદર લાઈનમાં ફેરફાર (લાઈન શીફટ) ગેરકાયદેસર રીતે કરેલ છે.આમ સદર કેસમાં અરજદાર વિરુદ્ધ ફરિયાદીઓએ જે ફરિયાદ કરેલ તે સાચી ઠરેલ છે.

૩.૩ આ ઉપરાંત તમોએ તા..૧૫.૦૪.૧૯ ના અરજદાર દ્વારા નવા ખેતીવાડી વીજ જોડાણના ભાવપત્રકની મુદતમાં વધારો કરી આપવા બાબતનો ઉલ્લેખ કરેલ છે જયારે આ અરજીમાં લાઈન શીફટીગના ભાવપત્રક ભરવાની મુદતમાં વધારો કરવાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત અરજદાર ને કેશોદ ગ્રામ્ય-૧ કચેરી દ્વારા અરજદારને ફરીથી સદર ગેરકાયદેસર લાઈન શીફ્ટીંગ થયા બાદ પત્રાંક નં.૧૨૪૯ તા.૧૫.૦૩.૧૯ થી ભાવપત્રક આપતા કેશોદ ગ્રામ્ય-૧ કચેરીનો પત્રાંક નં.૧૫૩ તા.૧૦.૦૫.૧૯થી ખુલાસો પૂછવામાં આવેલ છે.

૩.૪ આ ઉપરાંત સ્થળ તપાસ અને આપના દ્વારા આપવામાં આવેલ નિવેદન મુજબ તાર જે હયાત હતા તેજ રાખવામાં આવેલ છે તેથી તમારી જુના તાર જર્જરિત હતા તે વાતમાં કોઈ તથ્ય નથી તેમજ અરજદાર દ્વારા જુના પોલ ભાંગી પણ નાખેલ છે. આમ ક્વોટેશનની રકમ ભરવાની કોઈ કારણોસર રહી ગયેલ છે તેવી અરજદાર ની રજૂઆત પાયાવિહોણી અરજદારે પીજીવીસીએલની કોઈપણ જાતની મંજૂરી વગર લાઈન શીફ્ટ કરેલ છે તેથી અરજદારની સદર ગેરકાયદેસર શીફ્ટ કરવામાં આવેલ લાઈનનું ભાવપત્રક ભરવાની રજુઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજુઆત ૨.૦ અને ૨.૧ ના અનુસંધાને, અરજદાર ના ખેતીવાડી વીજજોડાણની નડતરરૂપ વીજલાઈન ને શીફટીગ કરવાની અરજી અન્વયે, પીજીવીસીએલ દ્વારા ભાવપત્રક પાઠવવામા આવેલ, જે ભરપાઈ કરેલ નથી. તેમજ, અરજદાર દ્વારા જણાવેલ કે, વીજલાઈન ની સમારકામ ની કામગીરી પીજીવીસીએલ દ્વારા કરાયેલ છે. નવા ઉભા કરાયેલ

વીજ પોલ રસ્તામા નડતરરૂપ હોય, જે અંગે ની તપાસ સબંધક કચેરી દ્વારા કરાયેલ નથી. સદર બાબતે સામેવાળા દ્વારા રજુ કરાયેલ આધાર–પુરાવા મુજબ – સદર ફરીયાદી અરજદાર દ્વારા બીજી વખત વીજલાઈન શીફટીગ અંગેના ભાવપત્રક ની અરજી કર્યા અગાઉ જ – અરજદાર દ્વારા બિન અધિકૃત રીતે વીજલાઈન ફેરવેલ હોય, જે અન્વયે સામેવાળા દ્વારા જરૂરી સ્થળ તપાસ કરીને જીયુવીએનએલ પોલીસ સ્ટેશન જુનાગઢમાં એફ.આઈ.આર નં. ૮૯૫ /૧૯ થી ફરીયાદ નોંધવામા આવેલ છે.

૪.૨ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૧ મુજબ ની વિગતે – સદર કેઈસ કાનુની પ્રક્રીયા હેઠળ હાલ પેન્ડીગ છે. જેથી, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ફરીયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબતને લગતી કાર્યવાહી– કાનુની પ્રક્રીયા હેઠળ પડતર હોય, સદર કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે – અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum PGVCL Rajkot